ગાંધીનગર સમાચાર
તા. ૪-૬-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### દુકાળનાં ડાકલાં વાગે એ પહેલાં ચેતવાની જરૂર

ચાલુ વર્ષે ચોમાસું નબળું જવાની દહેશત વરતાઇ રહી છે. એની શરુઆત જ મોડી થવાની સંભાવના છે. હવામાન વિભાગે ચોમાસાના વરસાદમાં બાર ટકા ઘટની આગાહી કરી છે. ગયા વરસની જેમ આ વર્ષે પણ ૮૮ ટકા વરસાદ જ પડે એવી સંભાવના દર્શાવાઇ છે. કમોસમી માવઠાંને કારણે ખેડૂતોને કમરતોડ ફટકો પડી જ ચૂક્યો છે. જીરુથી લઇ કેરી જેવા ફળાઉ પાક પર એની વિપરીત અસર પડી છે ખેડૂતો એક તરફ સરકારી જમીન સંપાદનના ફતવાથી ધ્રૂજી ગયા છે એને બીજી તરફ કુદરત રૂઠી છે. વિકરાળ દેવાના બોજ તળે દબાયેલો ખેડૂત લાચાર થઇને એની બદકિસ્મતી પર આંસુ સારતો રહે છે. અનેક ખેડૂતો મૂંઝાઇને ડિપ્રેશનના શિકાર બની જાય છે. દુનિયામાં ભાગ્યે જ અન્ય કોઇ દેશમાં આટલી મોટી સંખ્યામાં ખેડૂતો આપઘાત કરતા હશે. પરંતુ આપણાં ભદ્ર વર્ગ કે વિશ્વસ્તરના ઉદ્યોગપતિઓને એની લેશ પણ ફિકર નથી. રાજકારણીઓ ખેડૂતોને વોટબેંક સમજી ફોસલાવવા - પટાવવાના કારસા કરતા રહે છે. કોઇ પણ સરકાર આવે, એથી ખેડૂતોનું દળદર ફીટે એ વાતમાં માલ નથી. ત્યારે અત્યારે તો માલેતુજારો અને મોટા ઉદ્યોગગૃહોની મહેરબાનીથી સત્તા પર આવેલી જમણેરી અર્થનીતિને અનુસરતી સરકાર છે. ખેડૂતો આટલી મોટી જનસંખ્યા ધરાવતા હોવા છતાં સમ ખાવા પૂરતો એક વખત પણ ખેડૂત વડોપ્રધાન ચૂંટી શક્યા નથી તે જ શું સૂચક નથી? રાહુલ ગાંધી ખેડૂતોની સહાનુભૂતિ મેળવવા પદ યાત્રા યોજે એથી એના પ્રશ્નો થોડા ઊકલી જવાના છે? ખરું પૂછો તો કેન્દ્ર સરકારે મંદીના કારમા મારમાંથી ઉગારવા માટે ઉદ્યોગો માટે જેવું પેકેજ જાહેર કરેલું એવું પેકેજ વરસેદહાડે માંડ બે છેડા સરખા કરી શકતા ખેડૂત સમુદાયને આપવાનું કેમ નથી સૂઝતું? ખેડૂતને જગતનો તાત કહી બિરદાવવાથી એની સમસ્યા હલ નથી થવાની. એની આજીવિકા તરીકે ખેતી એક પોષણક્ષમ વ્યવસાય બની રહે એવું આયોજન વિચારવું જોઇએ. કમનસીબે દેશની હરિયાળી ક્રાંતિના જનક ગણાતા એકાદ સ્વામીનાથન જેવા અપવાદ સિવાય દેશને ખેડૂતનની નજરે જોનારા બ્યુરોક્રેટ મળેલ નથી. ગુજરાતમાં હરિયાળી ક્રાંતિની સમાંતર અને પૂરક ક્રાંતિ તરીતે શ્વેતક્રાંતિ થઇ. સ્વામીનાથન અને વર્ગીસ કુરિયન જેવા તજજ્ઞો જ ખેડૂતને એની વર્તમાન બેહાલીમાંથી બહાર આણી શકશે. એવા તજજ્ઞો પેદા કરવાનું સરકારને કયારે સૂઝશે? વિશ્વબજાર ઉપલબ્ધ કરાવી ખેતીની પ્રોફેશનલ ટચ આપવાનો વડાપ્રધાનનો વિચારતો ઘણો સારો છે. પરંતુ એનો અમલ થઇ શકશે ખરો? જયારે આ દેશનાં ૭૦ ટકા ખેતરો વરસાદી સિંચાઇ પર આધારિત છે ત્યારે ઇઝરાયેલની ટપક સિંચાઇ પદ્ધતિ કે ફુવારા પદ્ધતિની સિંચાઇ માટે પાણી કયાંથી આવશે? ચોમાસું વરસાદી જળનો ભૂગર્ભ સંચય કરીને, ખેત તલાવડીઓ રચીને, નદીઓ પર નાના નાના આડબંધો બાંધીને અને એથી પણ આગળ મોટી બારમાસી નદીઓ અને સૂકી નદીઓ વચ્ચે 'ગ્રીડ'નો સેતુ સ્થાપીને આ લક્ષ્ય જરુર સિદ્ધ કરી શકાય. એ દિશામાં સૈદ્ધાંતિક ચર્ચાઓ પાર વગરની થતી રહે છે, પરંતુ અમલીકરણમાં મોટું મીંડું જ જોવા મળ્યું છે. વરસોવરસ 'અલ નીનો' કે અન્ય પર્યાવરણીય સંકટોને કારણે વરસાદની ઘટ પડતી જશે તો એ દિવસ દૂર નથી જયારે દેશને ફરી એક વાર બંગાળના ઐતિહાસિક દુકાળના અને ગુજરાતને ભીષણ છપ્પનિયા દુકાળના દિવસો જોવા પડે! સરકાર પાસે વિજ્ઞાનીઓની ફોજ છે, વિકસિત ટેકનોલોજી પણ છે. પરંતુ ખાટલે ખોડ એ મુદ્દે છે કે ખેડૂત અને ખેતી એના પર પ્રાયોરિટી લિસ્ટની આઇટમો નથી! 'મેક ઇન ઇન્ડિયા' અને મંગળ અભિયાન કરતાં દેશની જીવાદોરી સમી ખેતીને બચાવી લેવાની વધારે જરુર છે, ખેતી બચશે તો ખેડૂત બચશે. ખેતી અને ખેડૂતને હાંસિયે ધકેલીને દેશ કદાચ પ્રગતિ પણ કરશે તો એ લોહિયાળ પ્રગતિ હશે. એવા વિકાસની રાષ્ટ્રનો આત્મા દૂભાશે. શાસ્ત્રમાં કહ્યું છે : રાજા કાલસ્ય કારણમ્ ! પર્જન્ય યજ્ઞો કરવાથી વરસાદ પડશે એવા વાહિયાત ખ્યાલોથી બચવાની જરુર છે. નબળાં ચોમાસાં આવતાં રોકવા માટે વનવિસ્તાર વધારવાની જરુર પડે. એને ઠેકાણે આપણે તો વિકાસની આંધળી દોટમાં જંગલોનો સત્યાનાસ કરી રહ્યા છીએ. કુદરત પાસે કાળા માથાના માનવીનાં પાપોની એક માત્ર સજા છે - દુકાળ! એ દુકાળનાં ડાંકલાં વાગે તે પહેલાં આપણે ચેતી જવાની જરુર છે.

## પીએચ.ડી.ની પદવી મેળવી

ગાંધીનગર, તા.૩

સ્કુલ ઓફ એચીવર કુડાસણમાં આચાર્ય તરીકે ફરજ



બજાવતા અશોકકુમાર વ્યાસે રામચરિત માનસ મેં લોક શિક્ષણ કા તત્વ-એક અધ્યયન વિષય પર હિન્દીમાં મહાશોધ નિબંધ હેમચંદ્રાચાય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં રજુ કરતા પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. નિબંધ દરામલી કોલેજના આચાર્ય ડૉ. બી.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યો હતો.

## ધો-૧૦ : ગુણચકાસણી માટે ૧૫મી સુધીની મહેતલ રહેશે

### જિલ્લાના નિયત સ્થળોએ પહોંચીને અરજી કરવાની રહેશે

અમદાવાદ, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. ત્યારે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને આવતીકાલેજ માર્કશીટ અને પ્રમાણપત્રો આપી દેવામાં આવશે.

આ માર્કશીટ કે પ્રમાણપત્રોમાં ગુણ કે જોડણી સુધારણા માટે ૧૫ જુન સુધીમાં વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ આવતીકાલે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા અને સંસ્કૃત પ્રથમની પરીક્ષાનું પરીણામ જાહેર થવાનું છે ત્યારે આવતીકાલેજ વિદ્યાર્થીઓની માર્કશીટ અને ચેક અથવા બે વિષયોમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની યાદી આવતીકાલે જાહેર કરવામાં આવશે. રાજયની માધ્યમિક શાળાના આચાર્યો પોતાના જિલ્લા વિતરણ કેન્દ્રો ઉપર સવારે ૧૧:૦૦ કલાકથી સાંજના ૪:૦૦ કલાક પોતાની શાળાના વિદ્યાર્થીઓની માર્કશીટ મેળવી લેવાનું રહેશે. વિદ્યાર્થીઓ પણ બપોરે ૧૨:૦૦ કલાક બાદ પોતાની શાળામાંથી પોતાની માર્કશીટ અને પ્રમાણપત્ર મેળવી શકશે.

આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ માર્કશીટ કે પ્રમાણપત્રોમાં પોતાનું નામ, અટક, સ્પેલીંગ, જન્મતારીખ, શાળાકીય આંતરીક મૂલ્યાંકન વગેરે બાબતોમાં સુધારો કરાવવા માંગતા હોય તેમણે પોતાની અરજી ૧૫ જુન સુધી બોર્ડની વડોદરા કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા અરજી કરી શકશે. જ્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લવાયેલ ધોરણ-૧૦નાં ૫ વિષયોના ગુણચકાસણી માટે અરજીઓ નિયત ફીના ડીમાન્ડ ડ્રાફટ સાથે ૧૫ જુન સુધીમાં જિલ્લાના નિયત સ્થળોએ રૂબરૂ આવવાનું રહેશે.

બોર્ડની કચેરી ખાતે પોસ્ટ કે રૂબરૂ ગુણચકાસણી અરજી સ્વિકારવામાં આવશે નહી ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉચ્ચત્તર ઉતર બુનિયાદી પ્રવાહનાં વિદ્યાર્થીઓની માર્કશીટનું વિતરણ પણ આવતીકાલેજ જિલ્લા વિતરણ સ્થળોથી કરવામાં આવશે.

## કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી અભ્યાસક્રમમાં એડમિશન શરૂ

### રોજગારની તક ધરાવતા કોર્સમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટની તક રહેલી છે જેથી વિદ્યાર્થીઓમાં હાલ જોરદાર આકર્ષણ

અમદાવાદ, તા.૩

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી)માં ધો-૧૨ (સાયન્સ) પછી બી.એસ.સી. (ફાયર એન્ડ સેફટી)ના ત્રણ વર્ષના અભ્યાસક્રમ માટેના પ્રવેશનો આરંભ થયો છે. આ અભ્યાસક્રમમાં ત્રણ વર્ષ બાદ ગુજરાત યુનિવર્સિટીની બી.એસ.સી (ફાયર એન્ડ સેફટી)ની ડીગ્રી આપવામાં આવે છે. રોજગારીની અમર્યાદા તકો ધરાવતા આ કોર્સ ૧૦૦ ટકા પ્લેસમેન્ટને કારણે વિદ્યાર્થીઓમાં આકર્ષણ છે.

અગ્નિશમન ક્ષેત્રે આ ઉદ્યોગનું કદ અંદાજે ૫૩,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આને કારણે અગ્નિશામનની તાલીમ પામેલા યુવાનો માટેની તકો ઘણી વધી ગઈ છે. આગ, અકસ્માતથી થયેલા નુકશાનનો અંદાજ મેળવવા તજજ્ઞોની જરૂર પડે છે. ભારતમાં સંરક્ષણ, રેલ્વે, એરપોર્ટ, પેટ્રોકેમીકલ્સ સંકુલો, ઓઈલ, કંપનીઓ, ઓ.એન.જી.સી કેન્દ્રીત ઈન્ડસ્ટ્રીયલ ફોર્સ વગેરેમાં અગ્નિશમનની પદવી ધરાવવા યુવાનોને આકર્ષણ પગારની નોકરી મળી શકે છે. ફાયર ટેકનોલોજી ક્ષેત્રે શિક્ષણ મેળવ્યું હોય તેવા યુવા મિત્રો કેટલાક ક્ષેત્રે રોજગારી મેળવી શકે છે. તેમાં પણ ફયાર સર્વેયર તરીકે ફાયર કન્સલટન્સી, પેટ્રોલિયમ કંપનીઓની લાયઝન ઓફિસર, ફાયર ફાઈટીંગ ઉપકરણોનાં ઉત્પાદન ક્ષેત્રે પણ પ્રેકટીસ કરીને વિપુલ આવક ઉભી કરી શકાય છે. સાણંદ તાલુકાના ખોડા ખાતે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી બી.એસ.સી. (ફાયર એન્ડ સેફટીનો કોર્સ ઓફર કરે છે. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી રિલાયન્સ, ઓએનજીસી, જીએસપીસી, એલ એન્ડ ટી, એસ્સાર, હિન્દુસ્તાન ઝીંક, અદાણી, ફોર્ડ, ટીવીએસ લોજેસ્ટીક, જીએમઆર, ઈફકો જીએસએફસી જેવી સારી જગ્યાઓ પર સેફટી એડવાઝર તેમજ ફાયર ઓફિસરના હોદ્દા પર પોસ્ટીંગ મેળવી શકાય છે. કોલેજ દ્વારા આ કોર્ષ બાદ બ્રિટનની લીડઝ યુનિવર્સિટીમાં એમ.એસ.સી ફાયરના કોર્ષમાં જોડાવા અંગેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સંસ્થાનેઆઈએસઓ ૯૦૧૦ સર્ટીએનાયત થયું છે. વધુમાં નેશનલ ફાયર પ્રોટેકશન એસોસીએશન-અમેરિકાનું સભ્યપદ તેમજ ધ ઈન્સ્ટીયુટશન ઓફ ફાયર એન્જિનિયરિંગ યુ.કે.સાથે જોડાણ પ્રાપ્ત છે. ફાયરનાં ક્ષેત્રમાં સંશોધન, વિકાસ અનેશિક્ષણમાંપ્રવૃત કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીને તાજેતરમાં જ ઓમાનની પેટ્રોલિંયમ ડેવલપમેન્ટ ઓમાન સંસ્થાના કર્મચારીઓને ફાયર-સેફટીની તાલીમ પુરી પાડવા માટેનો કોન્ટ્રાકટ મળ્યો છે.

## ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ દ્વારા ૭મી જુનથી ચોપડાઓનું વિતરણ

ગાંધીનગર, તા.૩

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજના ગામોના પ્રજાપતિ પરિવારોને જણાવવામાં આવે છે કે સમાજના રાહત દરના ચોપડાનું વિતરણ તા. ૭મી જુનથી દરેક ગામમાં કરાશે.

સમાજનો પરિવાર ગ્રંથ પૂર્ણતાને આરે છે. કોઈ પરવાર પોતાની માહિતી મોકલી ન શકયા હોય તો તાત્કાલિક મોકલવા શ્રી કાન્તિલાલ ગુર્જર મહામંત્રી ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજે જણાવેલ છે.

## નેલ્શન સ્કુલની માન્યતા રદ કરવાની માંગની સાથે ઘેરાવ

આગામી સપ્તાહથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે જો જો કે ડોનેશન પર પ્રતિબંધ હોવા છતાં ઠેરઠેર ડોનેશનના કિસ્સાઓ સામે આવતા ખુદ શિક્ષણ તંત્ર પણ હચમચી ઉઠ્યું છે. સરકાર દ્વારા ડોનેસનના દુષણને ડામવાના દાવાઓ કરવામાં આવે છે જો કે આ દાવાઓને ખોટો ઠેરવતો બનાવ તાજેતરમાં અમદાવાદમાં ખોખરા વિસ્તારની નેલ્શન સ્કુલમાં સામે આવ્યો હતો. જેમાં પોતાના સંતાનોનું ડોનેશન ભરી શકનાર મહીલાએ પોતાના બે સંતાનો સાથે સાબરમતી નદીમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું હતું. ત્યારે આ ઘટનાનાં વિરોધમાં આજે એનએસયુઆઈ દ્વારા જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરીનો ઘેરાવો કરી શાળા સામે કાર્યવાહી કરવા ઉગ્ર માંગ કરવામાં આવી હતી. એનએસયુઆઈનાં કાર્યકર્તાઓ ડીઈઓ કચેરીમાં તોડફોડ કરીને શાળાની માન્યતા રદ કરવામી માંગ સાથે હંગામો મચાવ્યો હતો આ ઉપરાંત એનએસયુઆઈનાં કાર્યકર્તાઓ દ્વારા ડોનેશનની પ્રથા બંધ કરવા-ભોગ બનનાર શાહ પરિવારને વળતર ચુકવવાની માંગ કરતાં બેનર્સ પ્રદર્શીત કર્યા હતા.

## હરિની દૃષ્ટિ...




આખી જિંદગીનું સરવૈયું... નોકરી દરમિયાન પગાર પચ્ચીસ લાખ રૂપિયા, પેન્શન પાંત્રીસ લાખ લીધુ અને આ બે કરોડની જમીન લટકામાં મળી !!

## ગાંધીનગર ખાતે ૧૩ વિજેતા બાળ ચિત્રકારોનું સન્માન કરાયુ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે યોજાયેલા રાજયકક્ષાના બાળ ચિત્રકાર સંમેલનમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે



પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના ચિત્ર સ્પર્ધામાં ૧૩ વિજેતા બાળ ચિત્રકારોનું ઈનામ આપી સન્માન કરી ભાવિ કારકિર્દી માટે બાળ ચિત્રકારોને શુભેચ્છાઓ આપી હતી.

બાળ ચિત્રકાર સંમેલનમાં પ્રાથમિક વિભાગમાં અનુક્રમે ૧ થી ૫ માં આણંદની શ્રી જાનકી પંચાલને રૂ.૧૦,૦૦૦, તાપીની શ્રી સંજના ગામીતને રૂ.૮,૦૦૦, સુરતના શ્રી આંચલ કોઠારીને રૂ.૭,૦૦૦, આણંદની ક્રિશી પટેલને રૂ. ૬,૦૦૦ અને જૂનાગઢની શ્રી કેયુરી રાણોલીયાને રૂ.૫,૦૦૦, માધ્યમિક વિભાગમાં અનુક્રમે ૧ થી ૫માં ભાવનગરની શ્રી હેલી પરમારને રૂ.૧૦,૦૦૦, અમદાવાદની શ્રી ટીના પટેલને રૂ.૮,૦૦૦, સુરતની શ્રી વેલ્સી એવેલીને રૂ.૭,૦૦૦, કચ્છની શ્રી રાહી ડાંગાને રૂ.૬,૦૦૦, તલાલા ગીરના શ્રી જય પાનસુરીયાને રૂ.૫,૦૦૦ તેમજ કોલેજ વિભાગમાં અનુક્રમે ૧ થી ૩માં સુરતની શ્રી વિદ્યા ચૌહાણને રૂ.૧૦,૦૦૦, અમદાવાદના શ્રી દિપેન કણાસોદરીયાને રૂ.૮,૦૦૦ અને સુરતની શ્રી અમૃતા ખંડાલને રૂ.૭,૦૦૦ નું રોકડ ઈનામ આપી મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું હતું.

## સે-૭ ચૌધરી કોલેજમાં પ્રવેશ માટે હેલ્પ સેન્ટર શરૂ કરાયું

સેકટર-૭ અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશનમાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોનું હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ માટે ઓન લાઈન રજીસ્ટ્રેશનનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીબીએ, બીસીએ, એમ.એસ.સી., આઈ.ટી., સહિતના પાંચ વર્ષના કોર્ષનું રજીસ્ટ્રેશન અને હેલ્પ સેન્ટર વિદ્યાર્થીઓ માટે શરુ કરાયું છે. વિદ્યાર્થીઓ હેલ્પ સેન્ટર દ્વારા મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવી શકશે. તેમજ તા. ૫ થી ૧૧ જૂન દરમિયાન સવારે ૧૧ થી ૫ દરમિયાન રજીસ્ટ્રેશન કરી શકશે. પ્રવેશ માટેની માહિતી પુસ્તિકા સેકટર-૧૬ સ્થિત એચડીએફસી બેંક, ઈન્ફોસિટી શાખા અને કલોલની શાખામાંથી મેળવી શકશે.

## પાર્થિવનું પાવરપેક પરફોર્મન્સ... તેને નામ પે મેરી જિંદગી લીખ દી મેરે હમદમ...

### અલબેલા સજન આયો રી... ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પધાર્યા : ગિટાર, તબલાં, શાસ્ત્રીય તાન, બેક ગ્રાઉન્ડની વિશાળ સ્ક્રિન પર ઝળહળતાં દશ્યો, જંબો ઑરકેસ્ટ્રાના તાલે ગુજરાતી - હિન્દી ગ્રેટ ગીતો સાથે પાર્થિક ગોહિલે એનાં એનર્જેટીક વૉઇસથી ગાંધીનગરાઓનું મન મોહી લીધું

ટીવીએસ સારેગામા મેગા ફાઈનલ ૧૯૯૮. સ્ટેજ પર સંગીતના દિગ્ગજો રાજકુમારી, પંડિત જસરાજ, ઓ.પી. નૈયર, અનિલ બિશ્વાસ, જગજીગસિંઘ, પંડિત હરિપ્રસાદ ચૌરસિયા, કલ્યાણજી, નૌશાદ નિર્ણાયક તરીકે અને સોનુ નિગમ પ્રોગ્રામ એન્કર તરીકે, ગજેન્દ્ર સિંઘના ડાયરેકશનનો એ મ્યુઝિકલ શો, જી.ટી.વી પર પ્રસારણ અને એમાં ભાગ લેનારા સ્પર્ધકો એક એકથી ચઢિયાતા હતા, આપણાં ગુજરાતના ગૌરવ સમા પાર્થિક ગોહિલ એ મેગા ફાઈનલમાં મુઘલ-એ આઝમની બડે ગુલામ અલીખાંની ગાયેલી બંદીશ 'પ્રેમ જોગન બનકે, સુંદર પિયા ઔર ચલે પ્રેમ ગગન બનકે' છેડી આને કાર્યક્રમના દરેક નિર્ણાયક આફ્રિન પોકારી ગયા, અને ગાયકી ક્ષેત્રે પાર્થિક ગોહિલ નામના નવા સિતારાનો ઉદય થયો...

આજથી ૧૯ વર્ષ પહેલાં ગાંધીનગર કલ્ચરલ ફોરમને આંગણે આજ પાર્થિવ આવ્યો હતો. અને આજે ૨૦ વર્ષનો અનુભવ લઈ ફિલ્મના ગાયક તરીકે પ્રસિદ્ધિ પામી એનાં બેન્ડ સાથે આવ્યો હતો... દેવદાસ, સાંવરિયા, કિસાન, હિરોજ, સાહેબ બીવી ઔર ગેંગસ્ટર, કેવી રીતે જઈશ જેવી ફિલ્મોના ગીતો ગાયેલાં છે... અત્યારે એ આલ્ફા ગુજરાતી ચેનલ પર સારેગામાપાના હોસ્ટ તરીકે આવે છે... લાઈવ કન્સર્ટ માટે પાર્થિકનું નામ ટોપના કલાકારોમાં આવે છે... પંડિત હરિપ્રસાદ ચૌરસિયા, સુલ્તાન ખાન, ગુંડેચા બ્રધર્સ અને વી.જી. જોગ સાથે તાનપુરા સંગત કરી હોવાથી શાસ્ત્રીય સંગીતની ઊંડી જાણકારી ધરાવે છે... આ એનર્જેટીક અવાજના માલિકે નવાં-જૂના ગુજરાતી ફ્યુઝન ગીતોથી સંગીતની ધમાલ સાથે પાવરપૅક પરફોર્મન્સ આપી દીધું...

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવનો શુભારંભ કરાવવાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પધાર્યા હતા. સરકારી નગરીમાંથી સાંસ્કૃતિક નગરી તરફના પ્રયાણમાં ૧૯૯૫માં માત્ર ૨૯૭ સભ્યોથી આરંભાયેલી આ યાત્રાનું બીજ આજે ૫૫૦૦ સભ્યો સાથે એક વટવૃક્ષ બનીને માત્ર ગાંધીનગર નહીં ગુજરાતમાં પોતાનું નામ રોશન કરતી સંસ્થા બની છે. આમાં આર્ટ, ડ્રામા, સંગીત જેવા વૈવિધ્યસભર વિષયોના માર્ગદર્શક ઉપક્રમે ચાલે છે એવી વાત અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ કરી...

ગ્રીષ્મોત્સવના દિપ પ્રાગટ્યમાં આનંદીબેન પટેલ, મેયર હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિક પટેલ, ગુડા ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ, પૂ. મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટે. કમિટી ચેરમેન રાકેશ પટેલ, જિલ્લા પ્રમુખ શ્રીમતી હીના પટેલ, ઈન્ફોસિટીનાં સુવાસ બારોટ, એ.બી. જવેલર્સના મનોજ સોનીના હસ્તે થઈ ભવ્ય શુભારંભ થયો... ભવ્ય-દિવ્ય અને ગતિશીલ ગુજરાતના સારથિ આનંદીબેન પટેલે ગ્રીષ્મને ઉત્સવ તરીકે ઉજવવી, કલા-સાહિત્ય-સંસ્કારના ધ્યેય સાથે કાર્યરત ગાંધીનગર કલ્ચરલ ફોરમને અભિનંદન આપ્યાં. ફોરમ અને સમાજ વચ્ચે કલ્ચર ઊભું કરવાના યજ્ઞને એમણે બિરદાવ્યો, સાંસ્કૃતિક કાર્યક્રમ માટે નદીને પાર જમીન આપવાનો પણ વાયદો કર્યો...

'દેવદાસ' ફિલ્મથી જેની કેરિઅર શરુ થઇ હતી એવા પાર્થિક ગોહિલે એજ ફિલ્મનું શાસ્ત્રીય સંગીત આધારીત ગીત 'અલબેલા સજન આયો રી, જયોત પુરાવો મંગલ ગાવો' હિન્દી અને વેસ્ટર્ન ફ્યુજન સાથે ગઝલની શરુઆત કરી, એમાં એના શાસ્ત્રીય આલાપ અને વોઇસ વેરાઇટીથી માહોલ જમાવ્યો... શરુઆતનો ફલ્યુટનો ટૂકડો અને 'તાલય' મૂંજાલ મહેતાના ગ્રુપના ૧૧ શિષ્યોએ તબલાની સંગત પુરાવી રંગ રાખી દીધો... રૂડીને રંગીલી રે વ્હાલા તારી વાંસળી રે લોલ નું એક નવું જ રુપ જેમાં દોહો અને ફોક ફ્યુઝનનું કોમ્બિનેશન મનલોભવન બન્યું...



'હે મારું કેવું જરા હાંભરો રે, મારે આણી કોર જાવું છે રે, ઓલી કોર જાવું છે રે, મારે ચારધામ જાત્રાને રસપુરી યાત્રા, યુએસના સપના જોવા છે રે...' ગુજરાતી રેપ સોંગ અને એના બિટ્સ - શબ્દો બધું જ કમાલનું હતું... ગાર્ગી વોરાને ભાગે આવેલું એકમાત્ર ગીત 'સાંવરીયો રે મારો સાંવરિયો, હું તો ખોલો માંગુને દરિયો' એટલે મેચ વચ્ચેના ઈનિંગ બ્રેક જેવું રહ્યું...

રેડિયો પાકિસ્તાન (જુગણી) આરિફ લાહેરનું ફેમસ ગીત જે 'કોકટેલ' ફિલ્મમાં આવેલું અને દિપીકા પાદુકોણ હિરોઇન હતી એ ગીત 'એવે મેરે પીર દી જુગણીજી, એવે મેરે અલ્લાહ વેલે જુગણીજી, દમ ઘૂંટકું દમ ઘૂંટકું' જહાનવી શ્રીમંકરે એવું તો ધમાલ ગાયું કે યુવા હૈયા હિલોળે ચઢ્યાં, એ ગીતમાં 'સૈયોની, ચૈન ઇક બલ નહીં, ઔર કોઇ હલ નહીં' સાથે જોરદાર જમાવટ કરી દીધી...




પાર્થિક બેક અગેઇન... 'હમ્પટી શર્મા કી દુલ્હનિયાં' ના અરીજીત સિંઘનું ગીત 'મૈં તેનું સમજાવા કી, ના તેરે બીના લગદા જી, તું કી જાને પ્યાર મેરા, મૈં કરું ઇંતેજાર તેરા' અને તરત જ 'બદલાપુર' ફિલ્મનું અતીફ અસલમે ગાયેલું ગીત 'તેરે નામ પે મેરી જિંદગી લીખ દી મેરે હમદમ, ના કભી સીખા જીના જીના તેરે બીન હમદમ' બંને ગીતો રોકીંગ રહ્યાં...

'માય નેમ ઈઝ ખાન'નું રાહત ફતેઅલી ખાંને ગાયેલું 'તેરી કાલી અખીંયો સે જીંદ મેરી જાગે, ધડકન સે તેજ દોડું સપનોંને આગે, અબ જા લૂંટ જાયેં, સજદા તેરા સજદા' અને એ જ ફિલ્મનું બીજું ગીત 'તેરે નૈના, મેરે નૈના' સાથે જ 'પિયા રે, પિયા રે, તારા બીન લાગે નહીં મોરા જીયા રે' એક આખી મેડલી એટલે આખું તન-બદન ચાર્જ થઈ જાય...

પાર્થિક અચ્છો શાસ્ત્રીય ગાયક છે એણે રાગ દરબારીની બંદિશ 'નજરે કરમ ફરમાઉં' એમાં ગિટારીસ્ટે જે કમાલ બતાવી છે, જે આવી કન્સર્ટમાં ભાગ્યે જ જોવાં મળે છે... કૈલાસ ખેરનું અતિ પ્રસિદ્ધ ગીત 'પ્રીત કી લત મોહે ઐસી લાગી, હો ગઇ મેં મતવારી, તેરે નામ સે જીલું તેરે નામ પે મર જાઉં, તું ને કયાં કરડાલા, મર ગઇ મેં, મિટ ગઇ મૈં, તેરી દિવાની...' અને આ ગીતની લાઇન ઓડિયન્સ પાસે ગવડાવી મજા કરાવી દીધી...

'કિડવાણી' રાગને કિ-બોર્ડ પ્લેયર સાથે જુગલબંધી કરી ફરી એક સુંદર કમાલની રજુઆત કરી... 'ફના' ફિલ્મનું કૈલાસ ખેર-શાનનું ગાયેલું ગીત 'સુભાન અલ્લા, સુભાન અલ્લા, ચાંદ સિરાફીશ જો કરતાં હમારી દેતા મૈં તુમ કો બતા' અફલાતુન, એમાં પણ તબલચીએ જાતે ઓરિજીનલ સિટી વગાડી, કોરસે ગાયેલું 'વલ્લે વલ્લે' વંડરફુલ અને પ્રેક્ષકો પણ આ ગીત સાથે સિટીઓ વગાડી એમની ખુશી વ્યક્ત કરી...

'સિંઘ ઇઝ કિંગ'ના 'દિલ ખો ગયા કિસી કા, અબ રાસ્તા મિલ ગયા ખુશી કા, રિશ્તા નયા રબ્બા, દિલ છું રહા હૈ, ખિંચે મુજે કોઇ દોર, તેરી ઓર' સાથે જહાનવી શ્રીમનકર ફરી છવાઇ એણે સળંગ બીજું 'શોર ઇન ધ સિટી' ફિલ્મનું શ્રેયા ઘોષાલનું ગીત 'ધીરે ધીરે, નૈનો કે ધીરે ધીરે, જીયા કો ધીરે ધીરે ભાયો રે સાયબો, અપનાસો ધીરે ધીરે લાગે રે સાયબો' અને સાથેસાથે એવું જ સુપરહીટ 'યે જવાની હે દિવાની'નું એ કબીરા માન જા, એ ફકીરા માન જા, કૈસા તું હે મેરા મોહી, કૈસા હરજાઇયા, રે ફકીરા આજા તુજ કો પુકારે પરછાઇયાં સ્ટેજ સતત થિરકતું જ રહ્યું...

'ભૂલ ભૂલૈયા' ફિલ્મનું શ્રેયા ઘોષાલ - એમ.જી. શ્રીકુમારે ગાયેલું શાસ્ત્રીય બેજ ગીત 'મેરે ઢોલના સૂન, મેરે પ્યાર કી ધૂન, મેરે ચાહતે તો ફિઝા મેં બહેગી, તાનાનાનાતૂમ' જહાનવી શ્રીમંકરે ગજબનું ગાયું એમાં કિ-બોર્ડ પર સિતાર અને તબલાં ઉસ્તાદ હિતેષ પ્રસાદે તબલાની થાપ સાથે તરાના ગાઇને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધાં...

'સાંવરીયા' ફિલ્મનું પાર્થિવનું પોતાનું જ ગાયેલું 'યુ શબનમી પહેલે નહીંથી ચાંદની, ચાંદ વો ભરમા ગયા' સુંદર રજૂઆત રહી. કૈલાસ ખેરનું ગીત 'ટૂટા ટૂટા એક પરિંદા ઐસે ટૂટા કી ફીર જુડના પાયા, અલ્લાહ કે બંદે હંસ દે,' 'નમસ્તે લંડન'નું રાહત ફતેઅલીખાનનું ગાયેલું 'મેં જહાં રહું, મૈં કહી ભી હું, તેરી યાર સાથ હૈ, કહેનો કે સાથ અપને દુનિયા ચલતી હૈ' અને 'વિકી ડોનર'નું આયુષ્યમાન ખુરાનાએ ગાયેલું ગીત 'પાણી દા રંગ વેખ કે અખીયાં ચો હજું રૂલ દે' એક એકથી ચઢિયાતા ગીતો રજૂ થયાં...

પાર્થિવે પછી ગુજરાતી ગીતોની રમઝટ બોલાવી... લાંબો ડગલો મૂછો વાંકડી છેલછબીલો ગુજરાતી... મહેંદી તે બાવી માંડવેને એનો રંગ ગયો ગુજરાત રે... હે રંગલો જામ્યો કાલંદડીને ઘાટ છોગાળાં તારાં... અમે મહિયારાં કંસ રાજાના કોઈને ન દઈએ દાણ... મોર બની થનગનાટ કરે... હવા કે ઝોંકે આજ મૌસમ સે રૂઠ ગયે, બદલ રહી હૈ આજ જિંદગી કી ચાલ જરાં સંવાર લું સંવાર લું... પંખીએ કલશોર કર્યો... મારા રે માલ, નવી તે વહુના હાથમાં રૂમાલ... સરરર સરરર મારું ચકડોળ ચાલે... અને પછી હુતુતુતુ જામી રમતની ઋતું અને આ ગીત સાથે તબલા સાથે જુગલબંધી કરીને જબરદસ્ત તાળીઓ મેળવી લીધી...

'રામલીલા'નું ગીત ઓસમાણ મીર અને શ્રેયા ઘોષાલનું 'ધીન તડાક ધીન તડાક આજા ઉડકે સરાત પૈરો સે બેડી જરા ખોલ, નગાડા સંગ ઢોલ બાજે, લીલી લેંબડી રે લીલો નાગરવેલનો છોડ' ગીતની સાથોસાથ જ અચકોમચકો કારેલી... યો યો હનિસિંગનું 'આજ બ્લુ હે પાની પાની, આજાઓ ઓન ધ બીચ, યાર ફોટો મેરી ખીંચ...' 'દેસી બોયઝ'નું મિકાસીંઘનું ગાયેલું 'હમકો કેહતે સુપરમેન, ઓન કરલો હેન્ડીકેમ, સુબહ હોને ન દે, સાથ ખોને ન દે...' આય એમ બાર્બી ગર્લ... કોકટેલનું 'તુમ્હી દિન ચઢે, તુમ્હી દિન ચાલે તુમ્હી હો બધું સખા તુમ્હી..' એક એક ધમાલ ગીત અને એવી જ રજૂઆત...

કાર્યક્રમના છેલ્લા દોરમાં બાળકોને સ્ટેજ પર બોલાવી ડાન્સ કરાવ્યો અને 'સૂનો ગૌર સે દુનિયાવાલો, બુરી નજર ના હમ પે ડાલો, સબસે આગે હોંગે હિન્દુસ્તાની' 'વંદે માતરમ, મા તુજે સલામ... મીલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા... પાર્થિવના પાવર પેકડ પરફોર્મન્સે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધાં... સ્ટેજ સંચાલન કરતાં હિરેન ભટ્ટ અને નિસ્વાર્થ ભાવે વોલિયેન્ટર્સની ડ્યુટી નિભાવતી કલ્ચરલ ફોરમની ટીમ ખરેખર અભિનંદનને પાત્ર છે... પાર્થિવ ગોહિલ સંપૂર્ણ રેન્જના ગીતો આપીને તેના એનર્જેટીક પ્રતિભાનો પરચો આપી દીધો છે... ગ્રીષ્મોત્સવનો પાર્થિવ ગોહિલ ઈમોશન્સનો કાર્યક્રમ લોંગ લાસ્ટીક યાદ રહે એવો બની રહ્યો, એના માટે તો એટલું જ કહેવું પડે કે... અલબેલા સજન આયોની, મોરા હરમન સુખ પાયો રી...'